જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૭/૦૭/૨૦૨૬ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૯૮૬/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૦૨ કેસ કરી, ૦૧ વ્યક્તિઓને ઝડપી, ૯૦ બોટલ ઇંગ્લીશ દારૂ અને ૨૭ બીયરટીન કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૯૮૭/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૨૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૦૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૯૮૮/૨૦૨૬**

વટવા જીઆઈડીસીઃ રાજેશભાઇ રાજશેખર નાયર (રહે. વિયાન રેસીડેન્સી મહાલક્ષ્મી ચાર રસ્તા વટવા) એ તા.૧૬/૦૭/૨૦૨૬ ના રોજ વટવા જીઆઈડીસી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૧/૦૭/૨૦૨૬ થી તા.૧૩/૦૭/૨૦૨૬ સુધીના સમયગાળા દરમ્યાન વટવા જીઆઈડીસી ફેઝ–૦૪ પંચરત્ન એસ્ટેટ પાછળ આવેલ રાજેશભાઇ નાયરની "રેપિડ બેવટેક પ્રા.લી." નામ ની કંપનીમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, કંપનીમાંથી અલગ–અલગ સાઇઝના કોપર વાયરો કુલ કિંમત રૂપિયા ૧,૯૦,૦૦૦/– મતાના ચોરી કરી લઈ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.એમ.ડાભી ચલાવે છે.

ઝેરી જીવજંતુ કરડી જતા મૃત્યુઃ– **સમાચાર યાદી નં.૯૮૯/૨૦૨૬**

સાબરમતીઃ નારાયણ સ/ઓ રૂપા જાતે: રોત (ઉ.વ.૫૬)(રહે.ગોપાલનગરના છાપરામાં વાળીનાથ ચોક પાસે, મેમનગર, વસ્ત્રાપુર મુળ વતન:– વોર્ડ નં.૪ ગામ–ઘોડસા પોસ્ટ–દોજા જી.ડુંગરપુર રાજસ્થાન) નાઓ તા.૧૬/૦૭/૨૦૨૬ બપોરના ૪/૦૦ વાગ્યાના સુમારે ત્રાગડ રોડ, નિરમા યુનિવર્સિટી પાછળ, માલાબાર–૦૩ સામે, બ્લીંકીટ સ્ટોરની બાજુમાં આવેલ ગોડાઉનમાં ચણતરનું કામ કરતા હતા ત્યારે તેમના જમણા હાથની ટચલી આંગળી ઉપર કોઇ ઝેરી જીવજંતુ કરડી જતાં સારવાર અર્થે તેમને સોલા સિવીલ હોસ્પીટલ ખાતે લાવતા સાંજના ૬/૧૫ વાગે ફરજ પરના ડો.શ્રી એ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિનાજી રૂગનાથજી ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૯૯૦/૨૦૨૬**

નારોલઃ ચંદ્રકાંતભાઈ રમણાભાઈ સોની (ઉ.વ.૩૪)(રહે. નીલકંઠ રેસિડેન્સી, નંદનવન રેસીડેન્સીની બાજુમાં, નારોલ) એ અગમ્ય કારણસર તા.૧૫/૦૭/૨૦૨૬ રાતના ૧૦/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની જાતે કોઇ જલદ પ્રવાહી પી લેતા, સારવાર અર્થે તેમને એલ.જી.હોસ્પીટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૬/૦૭/૨૦૨૬ સવારના ૧૧/૧૦ વાગે તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.વી.લુવા ચલાવે છે.

નિકોલઃ તેજલબેન વા/ઓ દિલીપભાઈ ચુનારા (ઉ.વ.૩૫)(રહે.કઠવાડા સ્મશાનની બાજુમાં વડા તળાવની પાસે કઠવાડા ગામ, તા–દસ્ક્રોઇ જી.અમદાવાદ) એ અગમ્ય કારણસર તા.૧૨/૦૭/૨૦૨૬ સાંજના ૭/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પોતાની જાતે ઝેરી પ્રવાહી પી લેતા સારવાર અર્થે તેમને નરોડા પ્રાઈમ હોસ્પિટલ ખાતે દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૧૬/૦૭/૨૦૨૬ સાંજના ૬/૧૫ વાગે તેમનુ મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી વી.એ.ચૌહાણ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી